સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આતંકી ને પથ્થરબાજો વચ્ચે સેના ભિંસાય છે,
અનિર્ણાયકતાની ઘંટીમાં શહિદી પિસાય છે.
ચિસાય છે દર્દીલા ચિત્કારમાં દુખી પરિવારો -
ને હિંમતભેર પગલાં લે, તો સત્તા રિસાય છે!

હાઈકુ

દાઝે છે પગ,
કાશ્મીરી કુંડાળામાં
તાંત્રિક માયા...
(સત્તા નો મોહ)

બન્યું દોઝખ!
સહેલાણીનું સ્વર્ગ -
નેતૃત્વ પાપે
(અમીચંદોની અમીદૃષ્ટિ)

ચિંતન

પ્રયાણામેકવાક્યે સમ્પ્રત્યય ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ત્રણેય એકમત બને એમાં જ મંત્રણાની સફળતા છે.

કોઈ જટલી સમસ્યા અંગેની મંત્રણા દરમિયાન જ્યારે રાજા, મંત્રી અને સલાહકાર એકમતે કોઈ નિર્ણય પર આવે ત્યારે એ સમસ્યાનો ઉકેલ ત્વરિત અને લાભદાયક આવે છે.

રાજ્ય - દેશની સમસ્યાઓ પર સત્તાધીશ - મંત્રીઓ અને સલાહકારો એ સમસ્યાની બધી બાજુનો વિચાર કરી પછી જ નિર્ણય લેવો જોઈએ.

સરકાર માત્ર પોતાના અંગત સ્વાર્થનો જ વિચાર કરે તો પ્રજાની આપત્તિમાં વધારો થાય છે રક્ષણ થતું નથી.

સુવિચાર

- કુદરત શૂન્યાવકાશ ને ધિક્કારે છે - **સંત બેનેડિક્ટ**
- પ્રકૃતિએ પરમાત્માનું પ્રગટીકરણ છે; મનુષ્યનું પ્રગટીકરણ છે કલા - **લોંગફેલો**
- હું ઈશ્વરમાં માનું છું, માત્ર હું એને નામ કુદરતનું આપું છું - **સંત થોમસ**
- પ્રકૃતિની ચાલ સાથે કદમ મિલાવો, એ ચાલનું રહસ્ય છે ધૈર્ય - **ઈમર્સન**
- કુદરતને એની પોતાની રીતે કામ કરવા દઈએ,
  આપણા કરતાં કુદરત એનું કામ વધુ સારી રીતે જાણે છે - **જનકલ્યાણ**
- એવી કોઈ આવતીકાલ છે જ નહીં કે, જેમાં આપણે શાંતિમાં હોઈશું,
  આપણે આ ક્ષણે જ શાંત થવાનું છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : વરિયાળી અને ધાણાનો ઉકાળો કરી સાકર નાખી પીવાથી પિત્તનો તાવ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગોવર્ધનરામ ત્રિપાઠી મુંબઈમાં તેમના કાકા મનસુખરામ સાથે રહી અભ્યાસ કરતા હતા. તેમના કાકા મનસુખરામ પણ વેદ, ઉપનિષદના જાણકાર હતા, તેમના ઘરે અવાર-નવાર વેદ-ઉપનિષદના મહારથીઓ સંસ્કૃતમાં ચર્ચા કરવા બેઠકો પણ યોજતા. એકવાર ગોવર્ધનરામ એકલા ઘરે બેસી અભ્યાસમાં તલ્લીન હતા ત્યાં બારણે ટકોરા પડ્યા. દરવાજો ખોલ્યો તો એક વ્યક્તિએ પૂછ્યું 'મનસુખભાઈ મળશે ?' આગંતુકે મેલુંઘેલું પંચિયું પહેરેલું હતું, સદરો ફાટેલો અને મેલો હતો. માથે ભગત ટોપી હતી. પ્રથમ દૃષ્ટિએ ગોવર્ધનરામને થયું કે કોઈક યાચક બ્રાહ્મણ લાગે છે. ગોવર્ધનરામ ખુદ યજમાન વૃત્તિ તથા ભિક્ષાવૃત્તિના કટ્ટરવિરોધી હતા. આગંતુકને જોઈને એમને નફરત ઉપજી. પરંતુ અજાણ્યા માણસનું અપમાન કરવાનું ગોવર્ધનરામે સંયમપૂર્વક ટાળ્યું અને આગંતુકને ઘરમાં બેસી મનસુખરામની રાહ જોવા કહ્યું.

બ્રાહ્મણને પાણી પાયું અને પૂછ્યું, 'આપનું શુભ નામ કહેશો ?' પેલા આગંતુકે કહ્યું, 'મારું નામ પીતાંબરદાસ પાઠક છે.' આગંતુકનું નામ સાંભળતા જ બધી જ શંકા-કુશંકા દૂર થઈ ગઈ. તેમને હૈયે ફાળ પડી. મનની માન્યતાથી વેદાંત શાસ્ત્રોના એક પ્રખર - અને પૂજ્ય વિદ્વાનનું હમણાં જ પોતે ઘોર અપમાન કરી નાખત. ગોવર્ધનરામ બ્રહ્મનિષ્ઠ પિતાંબરદાસ પાઠકનું નામ મનસુખકાકાને મોઢે ઘણી વાર સાંભળેલું પણ એમને જોયા નહોતા એટલે ઓળખવામાં ગંભીર ભૂલ થઈ ગઈ હતી.

ગોવર્ધનરામે આ બનાવ પછી મનમાં ગાંઠ વાળી કે માત્ર બાહ્ય દેખાવ પરથી અનુમાન કરીને કોઈને ન ઓળખતા હોઈએ તો અપમાન કરવું નહીં. બધા સાથે સદૈવ માનપૂર્વક વર્તવું, આમ કરવાથી કોઈ પૂજ્ય પુરુષનો અનાદર કરવાથી બચી જવાય છે અને વિનયપૂર્વકનું સૌ સાથે વર્તન કરવું એ જ ઉત્તમ સંસ્કાર છે.

કર્ણાટકમાં ભાજપ સત્તારૂઢ બનવા કૃતસંકલ્પ

તંત્રીસ્થાનેથી...

કર્ણાટકનો ગઢ સાચવી રાખવા કોંગ્રેસ છેલ્લે સુધી તાકાત બતાવતી રહી પરંતુ મોદી-શાહના ચૂંટણી ગણિત સામે પ્રભાવ ઓછો પડ્યો. મોદીએ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી છે અને તે મુજબ કોંગ્રેસના કબજા હેઠળનું આ છેલ્લું મોટું રાજ્ય પણ એ હસ્તગત કરી લેવાની સ્થિતિમાં પહોંચી ગયા છે. ભલે સ્પષ્ટ બહુમતીના મૅજિક આંકડા સુધી પહોંચવામાં પાછળ રહ્યા હોય પરંતુ સૌથી મોટા પક્ષ તરીકે રાજયમાં સરકાર બનાવવાનો દાવો કરશે ત્યારે આ અશ્વમેધના ઘોડાને ભાગ્યે જ કોઈ અટકાવી શકશે. ઉત્તરપૂર્વમાં ફક્ત બે બેઠકો મળી હોવા છતાં ભાજપ ગઠબંધન કળા અજમાવી કોંગ્રેસને સત્તાથી વેગળી રાખી શક્યું હોય તો આ કર્ણાટક કબજે કરવા તે શું નહીં કરે ! ગણતરીની થોડીક બેઠકો ખૂટે છે એ જનતા દળ (એસ) કે કોંગ્રેસ તથા અપક્ષ પૈકીના હોંશીલા ધારાસભ્યોને લલચાવીને સહેલાઈથી ઍડજેસ્ટ કરી શકાશે. આવી તોડફોડની કળામાં ભાજપને સત્તારૂઢ થતો અટકાવવાના પ્રયાસો થયા રહેશે છતાં છેલ્લું હાસ્ય તો મોદીનું જ હશે. એમની પાસે કેન્દ્રીય સત્તા છે, ચૂંટણીપંચ છે, અઢળક સંપત્તિ છૂટે હાથે વેરતા તૈયાર એવા ઉદ્યોગપતિઓ અને ધનકુબેરો છે. વળી જરૂર પડ્યે છેક સુપ્રીમ કોર્ટ સુધી એમની વગ ચાલી શકે એમ છે. સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન ઍચ.ડી. દેવગૌડા વચ્ચે ગઠબંધન ફોર્મ્યુલા રચાય તો કદાચ સત્તા માટે જરૂરી બહુમતીનો આંકડો ઍડજસ્ટ થઈ શકે એમ છે, પરંતુ એવી સ્થિતિમાં દેવગૌડાના સુપુત્ર કુમારસ્વામી મુખ્યમંત્રી પદના ઉમેદવાર બની જશે. કોંગ્રેસ એ શરતે પણ કદાચ તૈયાર થાય કારણ કે એને કોઈ પણ ભોગે કર્ણાટકનું ભાજપનું શાસન અટકાવવું છે. કોંગ્રેસ સામે લોકસભાની ચૂંટણીનો પડકાર છે. કર્ણાટકમાં રાજયપાલ તરીકે ગુજરાતના જ વજુભાઈ વાળા કાર્યરત છે. સ્વાભાવિક રીતે જ તેઓ ૧૦૮ બેઠકો મેળવી સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવેલ ભારતીય જનતા પાર્ટીના નેતા યેદિયુરપ્પાને જ નિમંત્રણ આપે તેવી શક્યતા છે. પોતાની અનુકૂળતા મુજબ વર્તવા ટેવાયેલા ભાજપ માટે સિદ્ધાંતો કરતાં સત્તા વધારે મહત્ત્વની બાબત છે તે કોણ નથી જાણતું ? ગોવા, મણિપુર અને મેઘાલયના કિસ્સા સર્વવિદિત છે.

પરીક્ષાના પરિણામની નિરાશા ત્યજી તક ઓળખીએ

પ્રસંગસર
પૃથ્વી શાહ

વિવિધ પરીક્ષાના પરિણામ આવવાની શરુઆત થઈ ચૂકી છે. પરીક્ષામાં સૌ પ્રથમ આવી શકતા નથી એમ સૌ ઉત્તીર્ણ પણ થઈ શકતા નથી. કોઈ સફળ થઈ ખુશી અનુભવે છે તો કોઈ નિષ્ફળતા પામી નિરાશામાં ધકેલાય છે. પરિણામ નબળું આવે ત્યારે પોતાની જાતે ચિંતન કરવાની જરૂર છે, જેથી કઈ કમજોરીને લીધે પરિણામ નબળું આવ્યું છે તે જાણી શકાય. પરીક્ષાની તૈયારી યોગ્ય રીતે થઈ શકી ન હતી કે વડિલોએ પોતાની પસંદગીના ક્ષેત્રે અભ્યાસ માટે કરેલ દબાણ નડી ગયું અથવા પરીક્ષા સમયે જ માંદગી કે ઘટના સામાજિક પ્રસંગની વ્યસ્તતા પરિણામ ઉપર અસર કરી ગયા એ બાબત મંથન કરી શકાય. વાંચવાની અને ગ્રહણ કરવાની સ્મરણ શક્તિ હતી પરંતુ ઘણા સમય સુધી વાંચનમાં આળસ દાખવ્યો હોય અને પરીક્ષા નજદિક આવે ત્યારે શું પૂછાશે, કઈ રીતે જવાબો લખવા તેના ગભરાટમાં મનના ઉચાટને લીધે યોગ્ય તૈયારી ન થઈ હોય એવું ય બને. કદાચ પરીક્ષા વખતના ઉજાગરા નડ્યા હોય અને સ્વાસ્થ્ય બગડતા પરિણામ ઉપર અસર થઈ હોય.

કદાચ બધું આવડતું હોય પણ અક્ષર ખરાબ હોય અથવા લખવાની ઝડપ ન હોય અને ધાર્યુ પરિમામ ન મળે. વાસ્તવમાં પરિણામ આવી ગયું એ ભૂતકાળ હતું એમ સમજી વર્તમાનમાં ઉપરની બાબતો વિચારવાની જરૂર છે. પરીક્ષાના પ્રશ્નોને યોગ્ય રીતે સમજી, પરીક્ષા પદ્ધતિનો અભ્યાસ કરી, મુદ્દાસર જવાબ તૈયાર કરી સફળતા મેળવવાની આપણી પાસે તક છે. એક વખત વિપરીત પરિણામ આવ્યું એટલે આપણા ભવિષ્યને અંધકારમય કલ્પવાની જરૂર નથી. એક વખત નબળું પરિમામ આવવાથી જીવનના વિકાસ ઉપર પૂર્ણવિરામ નથી મૂકાયું. આપણે આપણા વિકાસની દિશા તરફ લક્ષ આપવું જોઈએ. આપણા વિચારો અને શક્તિ પ્રમાણે સફળતા માટે કયો માર્ગ અનુકરણીય અને અનુસરણિય છે એ જાતે નક્કી કરી એ માર્ગે ઉત્સાહથી આગળ ધપવું જોઈએ. એ સદાય યાદ રાખવાનું છે કે આ જીવન તકથી ભરપૂર છે. આળસુ - બેદરકાર અથવા દોષનો ટોપલો બીજા ઉપર નાખનારને તક કદી સાથે આપતી નથી.

આજે વિશ્વ ઝડપથી પ્રગતિ સાથે રહ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થઈ રહ્યો છે. વિશ્વના દેશો એકબીજાની ખૂબ નજીક આવવાની ફૅશન, વ્યાપાર, રહેણીકરણી વગેરેની વિવિધ દેશમાં અસર જોવા મળે છે. આમાંથી પણ તક ઝડપી શકાય છે.

આધુનિક સમયમાં કોમ્પ્યુટર પદ્ધતિ અમલી છે. પ્રારંભમાં કોમ્પ્યુટરથી બેકારીના ભયની બુમરાણ મચી પરંતુ કોમ્પ્યુટર ક્ષેત્રે સંશોધનની તક, કોમ્પ્યુટરના પાર્ટ્સ બનાવવાની તક, કોમ્પ્યુટરના વેચાણ અને રીપેરીંગના ધંધાની તક તક પ્રાપ્ત થઈ. હવે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાનું વિસ્તરણ થવાથી ઠેર-ઠેર મોબાઈલના વેચાણ-રીપેરીંગની દુકાનો ખુલી ચુકી છે અને ઘણા બેકાર માણસોનું નસીબ ખીલવી શકી છે.

દેશમાં વસતી વધી રહી છે. સાથે શહેરો તરફ રોજગારી માટે લોકોનો પ્રવાહ વધી રહ્યો છે. તેમના માટે મકાનોની જરૂર પડશે. મકાન માટે ઈંટ-ચૂના-સિમેન્ટ - સળિયા - લાઈટીંગ વગેરેની જરૂર પડશે. મકાન માટે કયાંક આંતરિક સજાવટની જરૂરિયાત રહેશે તેથી યોગ્ય રીતે વિચારી જે અભ્યાસમાં નિપુર્ણતા મેળવશે તે સુખી જિંદગી પ્રાપ્ત કરી શકશે.

આજના સમયમાં મોટા મોલ અને વ્યાપારી સંકુલ વધતા જાય છે. ધંધો કરનારે સવારમાં વહેલા ઘેરથી નીકળી મોડી સાંજ સુધી ધંધામાં સ્થળે રહેવું પડે છે. તેમને પૌષ્ટિક નાસ્તાની જરૂર પડે છે, આવા સંકુલ નજીક ચા-નાસ્તા ક્ષેત્રમાં ઝંપલાવનાર પણ જિંદગીમાં કમાણી કરી સુખી થઈ શકે છે. હકીકતમાં તકની સંભાવના વિચારી ઉત્સાહથી મહેનત કરનાર સુખી થાય છે. જો તકનો વિચાર કરી યોગ્ય વ્યવસાયમાં ઝંપલાવવામાં આવશે તો વ્યક્તિ સુખી થશે જ.

ઘણા વડિલો ઈચ્છે છે કે તેમનું સંતાન તેમના જ ક્ષેત્રમાં આગળ ધપે. ઘણા વડિલો પોતે યુવાનીમાં જે થવા ઈચ્છતા હતા અને પ્રાપ્ત કરી ન શક્યા તે ક્ષેત્રે સંતાન આગળ ધપે તે માટે દબાણ કરે છે. આમ કરવાથી આપણે અજાણ્યે સંતાનના ભવિષ્ય ઉપર તરાપ મારીએ છીએ. સંતાનને કયારેક નિરાશમાં ધકેલીએ છીએ. વાસ્તવમાં આ સંસારમાં દરેક વ્યક્તિ આગવા વ્યક્તિત્વ સાથે પેદા થાય છે. તેથી બાળકની કુશલતા, ધગશ અને તેના મનના વિચારો જાણી તેને પ્રગતિ સાધવા તક આપવાની જરૂર છે. સંતાન પોતાની અંદરની લાગણી-પોતાની રૂચી - પોતાના તર્ક રજૂ કરે ત્યારે તેની પર પોતાના વિચારો લાદવાના બદલે તેના વ્યક્તિત્વને ખીલવવાના દરવાજા ખોલવામાં મદદ કરવાની હોય. બાળકના જીવનને સંવાદિતતાથી વિકાસના માર્ગે ધપાવવાનો હોય. બાળકની ઈચ્છા જાણી તેને સંતોષવામાં આવે તો બાળક પોતે સ્વીકારેલ ધ્યેય હાંસલ કરવા સમર્પિતતાની મથશે. વાસ્તવમાં બાળકને તેનું જીવન જીવવાની - જીતવાની તક આપવી જોઈએ. આવી તકથી બાળકના જીવનમાં ઊંડી સમજણના ઉજ્જવળ કિરણો પ્રકાશી શકશે અને તેના મનની શાંતિ ઘરની શાંતિ વધારશે અને ઘરની શાંતિ માનવશાંતિમાં મદદરુપ બનશે.

બેવફા - બેકાબુ

ગુલમહોર
દિનેશ દેસાઈ

કેતનનો પસ્તાવો સાચો કે વૈશાલીની વ્યથા-વેદના? વૈશાલી દહેજ પ્રતિબંધક ધારા અને ભરણપોષણ કેસ કરી ચુકી હતી. બેઉ જુદા પ્રકારની આગમાં શેકાઈ રહ્યાં હતાં. કેતને કૉર્ટની મુદતના ચક્કર અને ટેન્શનમાં જીવવાનું આવ્યું છે તો વૈશાલીએ રોજેરોજ શમા જલાવીને પરવાનાનો ઈન્તજાર કરવાનું નસીબે લખાઈ ગયું છે

"હજુ પણ કહું છું, વૈશાલી. તું માની જા. સમજે તો સારું છે. કેમ કે તેં જે રસ્તો લીધો છે, એનો અંત અણધાર્યો અને ખરાબ જ છે. સમાજમાં કેટલી બદનામી થઈ રહી છે.?" પાંત્રીસ વર્ષનો કેતન વિષ્ણુભાઈ પટેલ તેની સામે ખાધાખોરાકીનો કેસ માંડનારી પત્ની વૈશાલીને સમજાવવાની કોશિષ કરતો હતો.

આ તરફ ચોત્રીસ વર્ષની વૈશાલીએ બધાં બંધનો ફગાવી દીધા હતા. તે બોલી હતી કે "બેસ, બેસ હવે. તારી ભાભીની સોડમાં ભરાતો હતો ત્યારે સમાજમાં તારી કોઈ બદનામી નહોતી થઈ? અને હવે મને કહે છે કે રસ્તો ખરાબ છે? તારા ભાઈ સાથે મને મોકલવાનો રસ્તો શું સારો હતો? હવે શા માટે તું મને શિખામણ આપી રહ્યો છે?"

શહેરની ફેમિલી કૉર્ટમાં મુદતે હાજર રહેતા વિવાદગ્રસ્ત પતિ-પત્ની અને બીજા પક્ષકારો વચ્ચે આ પ્રકારની બોલાચાલી અને ઝગડા જોઈને ઉભા રહી જવાય પણ સ્ટાફના કર્મચારીઓ વગેરે કહેતા હોય છે કે "અમારે તો આ રોજનું થયું. બોલનાર બદલાય પણ આ પ્રકારના ડાયલૉગમાં કોઈ ફરક ન આવે. બધાના પ્રૉબ્લેમ સાવ સરખા. ઘેર ઘેર માટીના ચુલા."

કેતન ચુપચાપ સીડીના પગથિયા ઊતરી જાય છે. વૈશાલીના શ્વાસની ગતિ હજુ તેજ હતી. આંગળિયે પકડી રાખેલો બાર-તેર વર્ષનો પુત્ર સુયશ હજુ સ્તબ્ધ હતો. તેની સમજમાં કંઈક કંઈક આવતું હશે અને કંઈક નહિ પણ સમજાયું હોય.

વૈશાલી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પહેલા તો તે ભડકી ઊઠી હતી. થોડી વાર પછી બોલી હતી કે "તમે મારા વિશે શું છાપશો? અને છાપામાં છાપીનેય શું કરશો? ખુલ્લી કિતાબ જેવી મારી જિંદગી છે. હંમેશા મારો ફુલ ચૂંટવાનો સ્વભાવ રહ્યો છે. સુવાસ ફેલાવવાનું મને ગમે પણ નસીબમાં મને કાંટા જ મળ્યા છે. એટલે તો બીજા પતિ સામે પણ કેસ કરવાની નોબત આવી."

ભડકેલી વૈશાલી પોતાની ગઈ ગૂજરીનો ચિતાર આપતી વેળા હવે ભાવુક બનીને વાત કરી રહી છે: "ભટ્ટ મેવાડા બ્રાહ્મણ પરિવારમાંથી હું આવું છું. હું વીસ વર્ષની હતી ત્યારે મારાં લગ્ન બાજખેડાવાળ બ્રાહ્મણ પરિવારના ગૌરવ જોશી સાથે શાસ્ત્રોક્ત વિધિવિધાન અનુસાર કરાવવામાં આવ્યાં હતાં. પરણીને હું મારા સાસરે ઉમરેઠ રહેવા આવી હતી. મા-બાપનું યાને પિયરનું ઘર શહેરમાં હોવાથી ગામડામાં સેટ થતા વાર તો લાગે જ. છતા મેં પડ્યું પાનું નભાવી લીધું હતું. લગ્ન મા-બાપની મરજી પ્રમાણે કર્યાં હતાં અને લગ્ન પહેલાં જ મને ખબર હતી કે જિંદગી ગામડામાં જ કાઢવાની છે. લગ્નને એક વર્ષ થયું અને દીકરાને મેં જન્મ આપ્યો. તેનું નામ સુયશ રાખ્યું. જો કે લગ્ન પછી મારા પતિએ પોત પ્રકાશ્યું હતું. પથારીમાં સૂતા હોય ત્યારે મ્હોંમાંથી કંઈક અજબની વાસ આવતી. એ વાસ પછી તો રોજિંદી બની ગઈ. હવે ખબર પડી હતી કે તે દારુ પીવાની ટેવવાળો હતો. રાતે તો ઠીક, હવે તે દિવસે પણ પીવા લાગ્યો હતો. સંયુક્ત કુટુંબની આવકનું સાધન એક માત્ર કરિયાણાની દુકાન હતી. ગૌરવે હવે મારઝુડ પણ કરવા માંડી હતી."

વૈશાલીની આંખોની શૂન્યતા પણ બોલકી હતી. તે કહેતી ગઈ: "શરુઆતના બે વર્ષ તો બધો ત્રાસ ચૂપચાપ સહી લીધો હતો. સાસરિયે કોઈને ફરિયાદ કરી નહોતી કે મા-બાપને પણ કશી વાત કરી નહોતી. જ્યારે સહનશીલતાની હદ આવી ગઈ ત્યારે હું દીકરા સુયશને લઈને પિયર આવી ગઈ. મેં છુટાછેડા લઈ લીધા હતા. દીકરાની જવાબદારી મેં જ સામેથી સ્વીકારી હતી. બીજાં લગ્ન કરવાની મારી સંમતિ પછી જ મા-બાપ પાત્ર શોધવા લાગ્યા હતા અને મેરેજ બ્યુરોમાં પણ નામ લખાવ્યું હતું. એમાંથી જ આ કેતન ભટકાયો હતો."

સુંદર ચહેરા પાછળ તેની વેદના પણ વાંચી શકાતી હતી. છુટાછેડા અને કેતન સાથેનાં બીજાં લગ્ન વચ્ચે ચાર વર્ષનો ગાળો પસાર થઈ ગયો હતો. કેતન પણ ડાયવૉર્સી હતો. તેનાં મા-બાપ ગામડે રહેતાં હતાં. કેતન મોટા ભાઈ કમલ અને ભાભી પ્રતિમા સાથે રહેતો હતો. બેઉ ભાઈ ડેરી પ્રૉડક્ટની દુકાનનો કારોબાર સંભાળતા હતા. ભાભી ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતાં હતાં. કેતનને પહેલા લગ્નથી કોઈ સંતાન નહોતું અને સુયશની જવાબદારી હવે વૈશાલીનાં મા-બાપે સંભાળી હતી. કેતનનાં પહેલાં લગ્ન તેની જ્ઞાતિની જ કન્યા પારુશ્રી સાથે થયાં હતાં. છુટાછેડાનું કારણ કેતનના કહેવા પ્રમાણે પારુશ્રીનું અન્ય યુવાન સાથે અફેર હતું.

વૈશાલીએ પતિ તથા જેઠ-જેઠાણીના સંયુક્ત પરિવારમાં રહેવાનું શરુ કર્યું હતું. બધું બરાબર ચાલી રહ્યું હતું. એક દિવસ વૈશાલી મોડી રાતે ઊંઘ ઉડી જતાં જાગી ગઈ અને તેની ખરેખર ઊંઘ ઉડી ગઈ હતી. પથારીમાં પડખું ફરીને જોયું તો કેતન પથારીમાં નહોતો. જેઠ કમલભાઈ તો ગામડે ગયા હતા. આથી વૈશાલીએ ભાભીને કેતન ગુમ હોવાની જાણ કરવાનું વિચાર્યું હતું. જેવી વૈશાલી પ્રતિમાભાભીના બેડરૂમ પાસે ગઈ કે તેને કંઈક ગુસપુસ સંભળાતી હતી.

વૈશાલીને નવાઈ લાગી. બૅડરૂમનો દરવાજો અધખુલ્લો હતો. તેણે દીયર-ભાભીને અજુકતી હાલતમાં જોઈ લીધાં હતાં. કેતન અને પ્રતિમા ઘરમાં આમ તો અવારનવાર મસ્તી-મજાક અને હાથતાળી આપવા-લેવા જેવી ચેષ્ટા અને અડપલાં પણ કરી લેતાં. એ વખતે વૈશાલી દીયર-ભાભી વચ્ચેના સહજ અને નિર્દોષ સંબંધ સમજીને બધું સ્વાભાવિક હોવાનું સમજતી હતી પણ અત્યારે તો?

વૈશાલીના મ્હોંમાંથી રાડ નીકળી ગઈ: "આ શું માંડ્યું છે દીયર-ભોજાઈએ? આવવા દો, મોટાભાઈને. હું બધું જ કહી દઈશ."

એટલામાં તો દીયર-ભાભી એક અવાજે બોલ્યાં કે "જા, જા હવે. તું શું કહેવાની હતી? એ બધું જ જાણે છે."

વૈશાલી તો આ સાંભળીને અવાક્ રહી ગઈ હતી. તેને તો કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ બની ગઈ હતી. એક દિવસ તો જેઠ-જેઠાણી કમલ અને પ્રતિમા વૈશાલીને ખેંચીને કિચનમાં લઈ ગયાં હતાં અને બેઉએ પકડી રાખી હતી ત્યારે પતિ કેતને પત્ની ઉપર કેરોસીન ભરેલો કેરબો જ ઠાલવી દીધો હતો. દિવાસળી ચાંપવાની જ વાર હતી અને ખેલ ખલ્લાસ થઈ જવાનો હતો. મોત આંખના પલકારા જેટલું દૂર હતું અને શ્વાસના ધબકારા અચાનક બંધ થઈ જવાની તૈયારીમાં હતા. કોણ જાણે કેમ અચાનક જ ત્રણેયનું મન કદાચ બદલાઈ ગયું હતું કે જીવતે જીવ સળગાવીને નાહકનું જોખમ શા માટે લેવું?

વૈશાલી હવે બંડ પોકારવા માટે મન મક્કમ બનાવી ચુકી હતી. કેરોસીનથી પલળેલી હાલતમાં જ તે કિચનમાંથી દોડીને ઘરની બહાર જતી રહી હતી અને ઑટોરિક્ષા કરીને સીધી જ પોલીસ સ્ટેશન પહોંચી ગઈ હતી. પતિ અને જેઠ-જેઠાણીને તો શું બની રહ્યું છે, એની સમજ પડે એ પહેલા તો પોલીસની મૉબાઈલ વાન ઘરે આવી પહોંચી હતી અને ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી હતી. વૈશાલીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે પતિ તથા જેઠ-જેઠાણી સામે (૧) ઈપીકોની કલમ-૪૯૮ (ક) (પતિ અને સાસરિયાં દ્વારા શારીરિક-માનસિક ત્રાસ), (૨) કલમ-૩૨૩ (સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે, મારી નાખવા માટેની ધમકી), (૩) કલમ-૧૧૪ (ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩ અને ૭ મુજબની એમ બે એફ.આઈ.આર. નોંધી હતી. ૨૪ કલાક કસ્ટડીમાં રહેવાના કારણે અને ફોજદારી કેસ હોવાના કારણે પ્રતિમાને તો સરકારી નોકરીમાંથી સસ્પેન્ડ પણ કરવામાં આવી હતી.

વૈશાલી પોતાની વીતકકથા આગળ કહે છે: "હું માથું મારીને એ ઘરમાં રહું છું. રૂમ અને રસોડું મળીને મકાનનો એટલો ભાગ હું વાપરું છું. મને એ માટે કૉર્ટે મંજૂરી આપી છે. ફેમિલી કૉર્ટે મને દર મહિને ભરણપોષણની રકમ પણ બાંધી આપી છે. જો કે મારા દીકરાને ભરણપોષણ મળે એવી દાદ અદાલતે રદ કરેલી છે. કેમ કે કેતને કૉર્ટમાં કરેલી દલીલ અનુસાર સુયશનો પિતા તે નથી યાને સુયશ કેતનનો બાયોલૉજિકલ સન નથી. ઘરે મારા કોઈ ફ્રેન્ડ આવે તો કેતન એવું કહે કે સમાજમાં બદનામી થાય છે. હું ઘરમાં બ્યુટી પાર્લર ચલાવું છું અને એક બ્યુટી પાર્લરમાં પાર્ટ ટાઈમ જોબ પણ કરું છું, તો એ લોકો આબરુની વાત કરે છે પણ મને વશ કરવા જેઠના નિષ્ફળ પ્રયાસો અને દીયર-ભાભીના સંબંધોથી સમાજમાં આબરુ જતી નહોતી?"

બીજી તરફ કેતનનું કહેવું હતું કે "વૈશાલી બેવફા જ નહિ, બેકાબુ પણ બની ગઈ છે. અમારા મકાનનો અડધો ભાગ પચાવી પાડ્યો છે અને ઘરમાં અજાણ્યા પુરુષોની આવનજાવન પણ ખરી. ભાભી સાથેના સંબંધમાં પણ તેણે જ રજનું ગજ કર્યું હતું. કિચનમાં જઈને પોતાની જાતે જ શરીર ઉપર કેરોસીન રેડીને પોલીસ સ્ટેશન પહોંચીને અમને લોકોને ફસાવી દેવાનો આખો પ્લાન તેનો જ હતો. તે પોતાના મનસુબામાં કામયાબ રહી અને અમને ત્રણેયને ફિટ કરાવીને જ રહી. કાયદો કાયદાનું કામ કરે છે. ભાભીની નોકરી ચાલી ગઈ છે. કૉર્ટ કેસોથી મારા અને ભાઈના ધંધા ઉપર પણ અસર પડી જ છે. વૈશાલી પ્રૉફેશનલ કૉલગર્લ બની ગઈ છે. એક ફ્લેટ, કાર, એક્ટિવા સ્કૂટર અને બે બે મૉબાઈલ છે. આમ છતા મારા ભાગે ભરણપોષણ કરવાનું આવ્યું છે. વૈશાલી પગભર છે છતા તેની આવક, સૉર્સ ઑફ ઈન્કમ હું ફેમિલી કૉર્ટમાં સાબિત કઈ રીતે કરી શકું? વૈશાલીનાં મા-બાપને પણ રૂપિયામાં રસ છે, સમાધાન કે ઉકેલમાં નહિ."

કેતનનો પસ્તાવો સાચો કે વૈશાલીની વ્યથા-વેદના? હકીકત તો એ હતી કે કેતન હવે છુટાછેડા માગવાની સ્થિતિમાં પણ નહોતો. કેમ કે વૈશાલી દહેજ પ્રતિબંધક ધારા અને ભરણપોષણ કેસ કરી ચુકી હતી. બેઉ કદાચ જુદા પ્રકારની આગમાં શેકાઈ રહ્યાં હતાં. કેતને કૉર્ટની મુદતના ચક્કર અને ટેન્શનમાં જીવવાનું આવ્યું છે તો વૈશાલીએ રોજેરોજ શમા જલાવીને પરવાનાનો ઈન્તજાર કરવાનું નસીબે લખાઈ ગયું છે.

રાજકારણ, ધર્મ, સાહિત્ય અને દેશના વિવિધ સંગઠનો વચ્ચે પોતપોતાના લોકોને સાચવવાની હોડ જામી છે

નવાં ક્લેવર
નટવર હેડાઉ

બસ સ્ટેન્ડના ખૂણે ઉભેલ ચ્હાની લારી પર ચર્ચા ચાલી રહી હતી. એક જણે ચ્હાની ચૂસ્કી લેતાં કહ્યું, 'આજકાલ તો બસ એવું જ ચાલ્યું છે. તું મારાં ગીત ગા, હું તારા ગીત ગાઉં.'

એટલામાં બીજાએ ગંભીર સ્વરે કહ્યું, 'હા' તમારી વાત બિલકુલ સાચી છે. આજકાલ તો સમાજમાં આ પરંપરા બની રહી છે.

આ સાંભળી ચ્હા બનાવનારાએ ઉભરો આવી રહેલ ચ્હાને હલાવતાં કહ્યું, 'શું આ પ્રકારની માનસિકતાથી સમાજમાં સાચું-ખોટું, ન્યાય-અન્યાય, સત્ય-અસત્ય, શ્રેષ્ઠ - કનિષ્ઠમાં કોઈ ફરક કરી શકશે.'

તે વખતે જરા દૂર ઉભેલ બૌદ્ધિક નાગરિકે મજાકીયા સ્વરે કહ્યું, 'કયા જમાનાની વાતો કરો છો. આજે તો રાજકારણ, ધર્મ, સાહિત્ય અને દેશના વિવિધ સંગઠનો વચ્ચે પોતપોતાના લોકોને સાચવવાની હોડ જામી છે. બધું જ જાણે ધંધાદારી અને સ્વાર્થપરાયણ થઈ ગયું છે. બિલાડીઓ વચ્ચે ન્યાય કરવા બેઠેલા વાંદરાની વહેંચણીનાં દેશ્યો દૂર દૂર જોવા મળે છે. જેના કારણે સમાજ અને રાષ્ટ્રમાં અરાજકતા પેદા થઈ રહી છે. અને આવી વિષમતાથી ક્ષુબ્ધ લોકોમાં કટૂતાનું વાતાવરણ પેદા થઈ રહ્યું છે.'

બીજા એક ભાઈએ તેમના સ્વરમાં સ્વર મિલાવતાં કહ્યું, 'હાં... હાં... બાપુ તમારી વાત સાચી છે. આવા લોકોને કારણે યોગ્ય લોકોની ઉપેક્ષા થાય છે. જેના કારણે સમાજ અને રાષ્ટ્રમાં એક પ્રકારનું રોગીષ્ટ વાતાવરણ પેદા થાય છે.'

નદીનો પ્રવાહ જેમ અટક્યા વિના વહેતો રહે તેમ સમયની સાથે બસ સ્ટેન્ડમાં બસોની આવન-જાવન તો ચાલુ જ હતી. જેમની બસને હજુ વાર હતી તેવા કેટલાક લોકો અહીં ચર્ચા દૌર પોતાના હાથમાં લઈ સાંપ્રત ઘટનાઓ, રાજકારણ હોય કે આઈ.પી.એલ.ની મેચની વાત તેમાં પોતાની શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરતા અન્ય લોકોને પ્રભાવિત કરવાની કોશિષ કરી રહ્યા હતા.

આ વિષયની ચર્ચા એટલી વિસ્તરી કે જોતજોતામાં સૌ લોકો